# ધાનેરામાં બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતિના આક્ષેપ સાથે વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર

**વિદ્યાર્થીઓની સાથે પાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ પણ જોડાયા**

ધાનેરામાં બિન સચિવાલય ની પરીક્ષામાં ગેરરીતિના આક્ષેપ સાથે વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર આપી કાયદેસરની



કાર્યવાહી કરવા માંગ કરી વિદ્યાર્થીઓની સાથે પાલિકાના પૂર્વ પ્રમુખ તેમજ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ પણ જોડાયા.

૧૭ નવેમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં બિન સચિવાલય ક્લાર્ક ની પરીક્ષા યોજાઇ હતી જેમાં ગેરરીતિ આચરી હોવાનું વીડિયો વાયરલ થતાં અન્ય વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો ત્યારે આજે ધાનેરામાં વિદ્યાર્થીઓ તેમજ પાલિકાના પૂર્વ પ્રમુખ અને જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ બળવંતસિંહ રાવ તેમજ મોટી સંખ્યામાં લોકો ભેગા મળી વિશાળ રેલી યોજી મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં ૧૭ નવેમ્બરના રોજ બિન સચિવાલય ક્લાર્ક ની પરીક્ષા યોજાઇ હતી અને હાલ ના સમય પ્રમાણે બધા ઉમેદવારોને ધ્યાનમાં આવી છે કે ગુજરાતના અમુક જિલ્લામાં ગેરરીતિ આચરવામાં આવી તે જેના સમગ્ર વિડીયો ફૂટેજ સોશિયલ મીડિયા પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રિક મીડિયા માં આવ્યા હતા જે કેન્દ્રોની ગેરરીતિ બાબત પ્રકાશમાં આવી છે તેને સરકારે હજુ સુધી કોઈ જ ધ્યાનમાં લીધું નથી અને બીજા અમુક કેન્દ્ર પણ ગેરરીતિ થઈ છે જે હજી સુધી સુધી પ્રકાશમાં આવ્યું નથી આ બધા ઉમેદવારોના હિત ખાતર સમગ્ર પરીક્ષાને ફરીથી ચુસ્ત બંદોબસ્ત સાથે લેવામાં આવે પાલનપુર સુરેન્દ્રનગર ભાવનગર ચોટીલા અરવલ્લી ગીર સોમનાથ જેવા મોટા શહેરોની વાત હજી બહાર આવી છે આવી રીતે તો ઘણા જિલ્લાઓમાં વ્યક્તિગત રીતે ઉમેદવારોએ પોતાના જ વર્ગમાં ગેરરીતિ થતાં જોઈ છે અને તેની વાત બહાર આવી જ નથી તો આ બધા શબ્દો દ્વારા ના હિત માટે પરીક્ષા ફરીથી યોગ્ય રીતે લેવામાં આવે તેવી માગણી સાથે આવેદન પત્ર આપ્યું હતુંતો બીજી તરફ ધાનેરાના પૂર્વ પાલિકા પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ ઉપપ્રમુખ બળવંતસિંહ રાવે પણ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે બધી જ પરીક્ષામાં ગેરરીતિ આચરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ બેરોજગાર થઈને ફરે છે માટે આવું ન થવું જોઈએ અને વિદ્યાર્થીઓને વિધાનસભામાં આ બાબતે રજૂઆત કરવા માટે ખાતરી પણ આપી હતી.

# અકસ્માતમાં બેય હાથ ગુમાવનારે ગણપતિનું આબેહૂબ ચિત્ર દોર્યું

**ડીસાની એન્જલ સ્કૂલમાં ફનફેર મેળાનું ઉદ્ઘાટન**

ડીસાની એન્જલ સ્કૂલ ખાતે ફનફેર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત મુખ્ય મહેમાન બનેલા અને અકસ્માતમાં બન્ને હાથ ગુમાવનાર એવોર્ડ વિજેતા મનોજ ભીંગારેએ ગણપતિનું ચિત્ર દોરી વિધાર્થીઓ તેમજ શિક્ષકોના મન મોહી લીધા હતા.

મત કર યકી અપની હાથો કી લકીરો પર કિસ્મત ઉનકી ભી હોતી હૈ જીંન કે હાથ નહિ હોતે'.આ ઉક્તિ ડીસાની એન્જલ સ્કૂલમાં સાર્થક થઈ હતી. ડીસાની એન્જલ સ્કૂલમાં ગત વર્ષથી ફનફેર મેળાનું આયોજન કરવામાં આવે છે.ત્યારે આ વર્ષે ગુરુવારે ફનફેર મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે મનોજ ગોપાલભાઈ ભીંગારે ઉપસ્થિત રહ્યા હતા.સુરતના મનોજ ગોપાલભાઈ ભીંગારેના અકસ્માતમાં બન્ને હાથ કપાયાં હતા.જોકે તેઓએ મનોબળ



મજબૂત કરી પેઈંટિંગમા આગળ વધવા નિર્ણય કરી તેઓએ આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું.બાદમાં તેઓને પેઈંટિંગમાં આઠથી વધારે એવોર્ડ મેળવ્યા હતા.એન્જલમાં ફનફેરમા ઉપસ્થિત મનોજભાઈ ભીંગારેએ થર્મોકોલ પર ગણપતિની આબેહૂબ ગણપતિજીની પેઈન્ટિંગ કરી વિધાર્થીઓ અને શિક્ષકોનાં મન મોહી લીધા હતા.વિધાર્થીઓને સંબોધિત કરતા મનોજ ભીંગારેએ વિધાર્થીઓને જણાવ્યું હતું કે તમારા જીવનમાં નિરાશ થવાની જગ્યાએ તમારામાં રહેલ ટેલેન્ટને બહાર લાવો અને તમારા ગમતા ક્ષેત્રમાં આગળ વધો. ફનફેર મેળામાં એન્જલનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

**ધાનેરામાં ફોરેસ્ટ વિભાગ અને મામલતદાર વિભાગ ઊંઘતા ઝડપાયા**

# ધાનેરા પોલીસે લીલા લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપ્યું

લોકો અને મીડિયા દ્વારા પણ તંત્રને વારંવાર જાણ કરવા છતાં ફોરેસ્ટ વિભાગ કે મામલતદાર



વિભાગ કાર્યવાહી કરવામાં ઉણા ઉતર્યા. ધાનેરામાં ફોરેસ્ટ વિભાગ અને મામલતદાર વિભાગ ઊંઘતા ઝડપાયા છે અને ધાનેરા પોલીસે લીલા લાકડા ભરેલુંટ્રેક્ટર ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધાનેરા વિસ્તારમાં ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન થઈ રહ્યું છે અને દરરોજના પચાસ કરતાં વધુ ટ્રેક્ટરો ભરાઈ ધાનેરા ની શોમિલ માંઠલવાઈ રહ્યા છે ત્યારે લોકો અને મીડિયા દ્વારા પણ તંત્રને વારંવાર જાણ કરવા છતાં ફોરેસ્ટ વિભાગ કે મામલતદાર વિભાગ કાર્યવાહી કરવામાં ઉણા ઉતર્યા છે તો બીજી તરફ ધાનેરામાં નવા આવેલા પી.આઈ શ્રી જેબી ચૌધરી વૃક્ષોનું નિકંદન કાઢવા સામે લાલ આંખ કરી છે ગતરાત્રે ધાનેરા વિસ્તારમાંથી ધાનેરા પોલીસે લીલા લાકડા ભરેલું ટ્રેકટર ઝડપથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે લોકો પણ ઈચ્છી રહ્યા છે કે હવે તો ફોરેસ્ટ વિભાગ અને મામલતદાર ઊંઘમાંથી જાગે



**બીન સચીવાલયની પરીક્ષામાં ગેરરીતીના આક્ષેપ સાથે રજૂઆત**

ગુજરાતમાં તાજેતરમાં લેવાયેલી બીનસચીવાલયની પરીક્ષામાં ગેરરીતી આચરાઇ હોવાની ફરીયાદના પગલે બનાસકાંઠાના ઉમેદવારો દ્વારા કસુરવાર સામે પગલા ભરવાની માંગ સાથે ગુરૂવારે પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતુ. ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા સમગ્ર ગુજરાતમાં બિનસચિવાલય ઓફિસ આસિસ્ટન્ટની ૩૯૦૧ જગ્યા માટે માટે તાજેતરમાં પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૧૦.૪૫ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા. અને અંદાજીત ૮ લાખ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરંતુ પરીક્ષા આપ્યા બાદ ઉમેદવારોને જાણ થઈ કે પેપર લીક થઈ ગયુ હતુ. અને સોસીયલ મીડીયામાં ફરતુ થયુ હોવાથી પરીક્ષા રદ કરવાની માંગ ઉઠી છે. આવા આક્ષેપો સાથે ગુરૂવારે બનાસકાંઠાના યુવાનો દ્વારા પેપર લીક કરનાર અધિકારી અને ઉમેદવાર સામે કડકમાં કડક પગલા ભરવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેક્ટર સંદિપ સાંગલેને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા.

# ઉત્તર ગુજરાત યુનિ.નો છબરડો પરીક્ષાર્થીનું કેન્દ્ર બદલી નંખાયું

**યુનિવર્સીટીએ અગાઉ હિંમતનગરની સરકારી કોલેજનું કેન્દ્ર ફાળવ્યુ હતુ : પરીક્ષાર્થી આકરા પાણીએ થતા અડધો કલાક બાદ પેપર લખવા બેસાડ્યા**

હિંમતનગર, તા. ૨૧

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અંધેર વહીવટનો એક નમુનો ગુરૂવારે પ્રકાશમાં આવ્યો છે. એમ.કોમ. પાર્ટ વનની એટીકેટીની પરીક્ષા હોવાથી હિંમતનગરના એક પરીક્ષાર્થીને યુનિવર્સિટીએ અગાઉ હિંમતનગરનુ કેન્દ્ર ફાળવ્યું હતુ. પરંતુ ગુરૂવારે હિંમતનગરની સરકારી કોલેજમાં પરીક્ષા આપવા ગયેલ આ મહિલા પરીક્ષાર્થીનો બેઠક નંબર ન હોવાથી તેણીને સમયસર પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાયો ન હતો. જોકે આ પરીક્ષાર્થીએ ઉત્તર ગુજરાતના અંધેર વહીવટ અંગે ભારે હોબાળો કરતા આખરે આ પરીક્ષાર્થીને અડધા કલાક બાદ પરીક્ષાનું પેપર લખવા અપાયુ હતુ. હવે આ પરીક્ષાર્થીનું પરીણામ ક્યાંથી મળશે તે સવાલ છે.

આ અંગે જોશી ભાવિની સુરેશભાઈના જણાવ્યા મુજબ ગુરૂવારે તેણીને એમકોમ પાર્ટ વનની એટીકેટીની પરીક્ષા હોવાથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ આ પરીક્ષાર્થીને હિંમતનગરની સરકારી કોલેજમાં બેઠક વ્યવસ્થા ફાળવી હતી. તો બીજી તરફ યુનિવર્સિટીની ભુલને લઈને અથવા તો ગમે તે કારણસર ભાવિનીબેન જોશીની બેઠક વ્યવસ્થા પાલનપુર કેન્દ્રમાં ફાળવી હોવાનું તપાસ કરતા જણાવ્યુ હતુ.

તો બીજી તરફ પરીક્ષા શરૂ થઈ ગયા બાદ ભાવિનીબેને કોલેજના સત્તાવાળાઓને જાણ કરી હતી. જેથી સત્તાવાળાઓએ આ અંગે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગનો સંપર્ક કર્યો હતો અને લાંબી લમણાઝીક બાદ પેપર શરૂ થઈ ગયાના અડધા કલાક પછી ભાવિનીબેનને એટીકેટીની પરીક્ષા આપવા માટે હિંમતનગરની કોલેજના સત્તાવાળાઓએ વ્યવસ્થા કરી હતી. પરીક્ષા તો લેવાઈ પણ હવે આ પરીક્ષાર્થીની માર્કશીટ હિંમતનગર જશે અથવા તો પાલનપુર જશે તે ખબર નથી.

ઉલ્લેખનીય છે કે એક જાગૃત પરીક્ષાર્થીની સાવચેતીને લઈને તેણીએ પરીક્ષા તો આપી છે. પરંતુ ઉત્તર ગજુરાત યુનિવર્સીટી દ્વારા પરીક્ષાની બેઠક વ્યવસ્થામાં ક્યાં કેટલી ભુલો થતી હશે તે કલ્પી શકાય તેમ નથી.

# કાંકરેજમાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ ભભૂકી

**આગને લઈ અફડાતફડી મચી : જાનહાની ટળી જતા હાશકારો**

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં ગેસનો બાટલો લીકેજ થતાં આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં લોકોના ટોળેટોળા આગ બુઝાવવા કામે લાગ્યા હતા. લોકોએ ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ફાયટરે ઘટના સ્થળે પહોંચીને સત્વરે આગને કાબુમાં લેવા પ્રયત્નો હાથ ધર્યા હતા.અને ભારે જહેમતને અંતે ફાયર વિભાગે આગને કાબુમાં કરી લેતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના થરાના ઈન્દીરાનગરમાં રહેતા રમેશભાઈ મોતીભાઈ વણઝારાના ઘરે અચાનક ગેસનો બાટલો લીકેજ થતા આગ ભભૂકી ઉઠી હતી ઘટનાની જાણ થતાં આજુબાજુના લોકોએ દોડી આવી આગ બુઝાવવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. અચાનક લાગેલી આગના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને લઈ નગરપાલિકાના ફાયર ફાયટરે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. અંદાજીત એક કલાકથી પણ વધુ સમયની ભારે જહેમતને અંતે આગ કાબુમાં આવતા અને જાનહાની ટળી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# ડીસાની અમર ઈન્ડસ્ટ્રીઝમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડા

બનાસકાંઠા નું ડીસા જેમાં તેલ ઘી મરચું હળદર જેવી ખાદય ચીજ વસ્તુ ઓ નું મોટાપાયે ભેળસેળ થવા નું નેટવર્ક લાંબા સમય થી ચાલી રહ્યું છે તેમાંય



ડીસા ના જી આઈ ડી સી વિસ્તાર માં તો તેલ અને ઘી ની અનેક ફેકટરી ઓ ધમધમી રહી છે જેમાં મોડી રાતે આ તમામ ફેકટરી ઓ ધમધમી ઉઠે છે અને રાતો રાત આ ડુપ્લિકેટ તેલ અને ઘી રાજ્ય બહાર ની સીમાઓ માં પહોંચી જાય છે તેમ છતાં પણ આ બાબતે તંત્ર દવરા કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવટી નથી.

તેમ છતાં અનેક વાર જાગૃત નાગરિકો દ્વારા ફૂડ વિભાગ નું ધ્યાન દોરતા ફૂડ વિભાગ અનેક વાર રેડ કરી કાર્યવાહી કરતી હોય છે તેમાં આજે ગુરુવારે ડીસાના જીઆઈડીસી વિસ્તાર પાસે આવેલ અમર ઈન્ડસ્ટ્રીઝમા ફૂડ એન્ડ દ્રગડ વિભાગે દોરડા પાડયા હતા.જયા ફૂડ એન્ડ દ્રગ્સ વિભાગે તેલના સેમ્પલો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી આ અંગેની ફૂડ વિભાગ ની મળતી માહિતી મુજબ ડીસા ની જીઆઈડીસી વિસ્તારમાં આવેલ વિપુલભાઈ મહેસૂરિયા દ્વારા સંચાલિત અમર ઈન્ડસ્ટ્રીઝ મા ગુરુવારે અચાનક ફૂડ એન્ડ દ્રગ્સ વિભાગે અચાનક દરોડા પાડયા હતા. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે લાઈટ પલ્સ રિફાઈન્ડ કપાસિયા તેલ તથા અમૃતધારા રિફાઈન્ડ સોયાબીન તેલના સેમ્પલો લીધા હતા.ફૂડ એન્ડ દ્રગ્સ વિભાગના ફૂડ સેફટી ઓફિસર પી.આર.સુથાર માધાભાઈ ચૌધરી,પારસભાઈ ચૌધરી સહિતના સ્ટાફે સેમ્પલો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સરકાર બેરોજગારો સાથે પરીક્ષાઓમાં કેટલીવાર ચેડાં કરશે

**બિનસચિવાલય પરીક્ષા રદ કરવા અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર**

બિન સચિવાલય ક્લાર્કની જગ્યા માટે અગાઉ ભારે વિવાદ વચ્ચે ૧૭ નવેમ્બર-૨૦૧૯ના રવિવારના રોજ સમગ્ર રાજ્યમાં લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ગુજરાતના અમુક જિલ્લાઓમાં ભારે ગેરરીતિ આચરવામાં આવી હતી. જેના વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયા હતા તેમ છતાં સરકાર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા બેરોજગાર યુવાનો સાથે સરકાર મજાકરૂપી પરીક્ષા લઈ રહી હોય તેવો પરીક્ષાર્થીઓ અહેસાસ અનુભવી રહ્યા છે.

બિનસચિવાલય લેખિત પરીક્ષાને લઈ ભારે વિવાદ સર્જાયો છે અને પરીક્ષાર્થીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અરવલ્લી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ફરીથી પરીક્ષા યોજવામાં આવેની માંગ કરી હતી. તાજેતરમાં બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષાનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં સમય પૂર્ણ થવા છતા અમુક વિદ્યાર્થીઓને પેપર



લખવા દેવાયું હતું. જેના કારણે અન્ય વિદ્યાર્થીઓએ વિરોધ કર્યા છે. ઉપરાંત ઉમેદવારો પરીક્ષામાં ગેરરીતિ થયા હોવાનો આરોપ પણ લગાવી રહ્યા છે. રાજ્યમાં ઠેર ઠેર પરીક્ષાને લઈ ઉમેદવારો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં સૂત્રોચ્ચાર કરી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા બિન સચિવાલય ઓફિસ આસિસ્ટન્ટની-૩૯૦૧ જગ્યા માટે ૧૦.૪૫ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા અને અંદાજે ૮ લાખ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અમુક કેન્દ્રોમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાથી મહેનત કરનાર વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરવામાં આવ્યા હોવાથી પરીક્ષા રદ કરવામાં આવેની માંગ કરી હતી.

# માલપુરના જીતપુર ગામે પાણીમાંથી નિકળી સ્મશાન યાત્રા

વરસાદ વધુ પડે તો પણ લોકોને હાલાકી પડે છે. અને ઓછો



પડે તો પણ લોકોને હાલાકી પડે છે. તેની અસર વર્તાય છે. આવી જ એક સમસ્યા અરવલ્લી જિલ્લાના માલપુરમાં જોવા મળી છે કે, જ્યાં મરતે પણ માર્ગ ન મળવા જેવી સ્થિતિથી સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. માલપુર તાલુકાના જીતપુર ગામે એક મહિલાનું મોત થયા બાદ તેની અંતિમ યાત્રામાં જે સમસ્યાઓ સર્જાઈ હતી તે કદાચ ભાગ્યે જ જોવા મળી હશે. ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદથી વાત્રક જળાશય છલોછલ થતા નીચાણવાળા વિસ્તારો ડૂબમાં ગયા છે, તો કેટલાક વિસ્તારોના ખેતરો પાણી પાણી થયા છે. આવી સ્થિતિથી જીતપુર ગામ પણ દૂર નથી રહ્યું. જીતપુર ગામમાં વાત્રક જળાશયનું પાણી આવતા અંતિમ યાત્રાએ જતાં ડાઘુઓને હાલાકી પડી હતી. ચોમાસા બાદ સ્મશાનના રસ્તે વાત્રક નદીનું પાણી ભરાઈ રહેતાં ડાઘુઓ પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા. માલપુર તાલુકાના જીતપુર ગામે વરસાદ બાદ ભરાયેલા પાણીનો કોઈ જ નિકાલ ન થતાં સ્થાનિક લોકોએ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પણ તંત્ર કે સત્તાધીશો દ્વારા કોઈ જ નિકાલ કરવામાં ન આવતો હોવાથી સ્થાનિકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ધોલવાણી પ્રાથમિક શાળા નજીકના એટીએમમાંથી રોકડ ચોરાઈ

વિજયનગર તાલુકાના ધોલવાણી ગામે આવેલ દેનાબેંકના એટીએમમાંથી ચાર દિવસ અગાઉ રાત્રીના સમયે અજાણ્યા શખ્સોએ એટીએમના રૂમનુ તાળુ તોડી એટીએમ બોક્સમાંથી અંદાજે રૂ. ૪૧,૩૦૦ની રોકડની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧૭ નવેમ્બરની રાત્રે અજાણ્યા શખ્સોએ ધોલવાણી પ્રાથમિક શાળા નજીક આવેલા દેનાબેંકના એટીએમનું રૂમનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી એટીએમના બોક્સમાં રાખેલ અંદાજે રૂ. ૪૧,૩૦૦ની રોકડની ચોરી કરી અજાણ્યા શખ્સો ભાગી ગયા હતા.





**મોડાસાની ધી સર્વોદય સહકારી બેંક લી. ઉત્તમ કામગીરી માટે એવોર્ડ એનાયત**

મોડાસામાં વલ્લભસદન હોલ ખાતે જિલ્લા સહકારી સંઘનો શિક્ષણ તાલીમ સહકાર સેમિનાર જાણીતા ઉદ્યોગપતિ અને ભામાશા તરીકે પ્રદેશમાં આગવુ સ્થાન ધરાવતા મહાસુખભાઈ પટેલના પ્રમુખસ્થાને યોજાોય હતો. આ કાર્યક્રમમાં સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશ પટેલ, સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર મકવાણા અને જિલ્લા સહકારી સંઘના પ્રભુદાસ પટેલની ઉપસ્થિતિમાં ઉત્તમ કામગીરી માટે દ્વિતીય એવોર્ડથી સન્માનિત કરી એવોર્ડ આપવામાં આવ્યો હતો. ચેરમેન ઈકબાલહુસેન ઈપ્રોલીયા અને બેંક ડિરેક્ટરો અને બેંક સ્ટાફના કુનેભર્યા વહીવટથી સફળતાના શિખરો પ્રાપ્ત કરી રહી છે. મોડાસા શહેરની અગ્રણી સહકારી સંસ્થા ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ સોસાયટીના ચેરમેન અબ્દુલ રઝાક ટીંટોઈયાને પણ ઉત્તમ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધાનેરા પોલીસે અનાપુર ગામની સિમમાંથી દારૂ ભારે સ્વીફ્ટ ગાડી ઝડપી

ધાનેરા પોલીસે ધાનેરા તાલુકાના નનાનપુર ગામની સીમમાંથી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી ઝડપી બે લાખ ૪૩ હજાર મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધાનેરા પોલીસ ધાનેરા તાલુકાના અનાપુર ગામે વાહન ચેકિંગમાં હતી તે સમય દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલી સ્વીફ્ટ ગાડી ને રોકવાની કોશિશ કરતા ચાલકે ગાડી ભગાડી મુકી હતી અને




ચાલાક અનાપુર ગામની સીમમાં ગાડી મૂકી ફરાર થઈ જતા પોલીસે ગાડીની તલાશી લેતા કારમાંથી દારૂની ૮ પેટી મળી આવે તે જેની કિંમત ૪૩,૦૦૦ અને ગાડીની કિંમત બે લાખ કુલ મળી ધાનેરા પોલીસે બે લાખ ૪૩ હજાર મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગરને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.